# પોતાની જાતને બદલવી છે

------------------

જીવનમાં આમ જુઓ તો નાની નાની બાબતો કે પ્રસંગો બન્યા જ કરતા હોય છે પણ આપણે એ બાબતોને ક્યારેય મહત્વ આપ્યું જ નથી. અને એ બાબતો કે પ્રસંગોનું આપણા વિકાસમાં મહત્વ છે. ઘણું મોટું મહત્વ છે એની આપણને ખબર જ નથી. ભલે એ બાબત કે પ્રસંગ નાનો લાગતો હોય પણ આપણું આખું જીવન બદલાઈ શકે છે એટલી નાની બાબત કે પ્રસંગથી. એ માટેની વાત મેં હમણાં જ તાજેતરમાં વાંચી. એના લખનાર છે ડબલ્યુ. કલેમેન્ટ સ્ટોન. એમાં જે પ્રસંગની વાત લખી છે એ પ્રમાણે આપણામાંથી ઘણાં આજે પણ કરતા જ હશે અને એટલે જ આ પ્રસંગનું આપણે માટે મહત્વ ઘણું વધી જાય છે. પ્રસંગ આ પ્રમાણે છે :

'પપ્પા, તમે મને વચન આપ્યું હતું કે તમે મને વાર્તા કહેશો.'
લોઉ ફિંકે એના ચાર વર્ષના બાળક કેન્ટનો અવાજ સાંભળ્યો. શુક્રવારની મોડી સાંજ પસાર થઈ રહી હતી. એને ઑફિસેથી ઘેર આવતાં ઘણું જ મોડું થઈ ગયું હતું. અને એને કારણે એ કેન્ટ સાથે સાંજનું વાળુ લઈ શક્યો ન હતો અને લોઉએ એની પત્ની પેગને ફોન પણ કર્યો ન હતો. પેગ હજારો સ્ત્રીઓની માફક રાહ જોયા કરે અને કલાકો વીત્યા કરે. 'રસ્તાઓ લપસણા થઈ ગયા છે. કદાચ મોટરનો અકસ્માત પણ થયો હોય ! પણ લોઉએ ફોન તો કર્યો જ હોત.' પેગ વિચારતી હતી. પેગને આ રાહ જોવાનું ગમતું ન હતું. એને આ અનિશ્ચિતતાથી ઘણી અકળામણ થતી.

પણ હવે લોઉ ઘેર આવી ગયો હતો. એ હવે કેન્ટની પ્રભુ માટેની પ્રાર્થના સાંભળી શકશે અને એને પથારીમાં ઊંઘાડી શકશે. પત્ની પેગે બધું ગરમ કરવા માટે હવે રસોડું સંભાળ્યું. અને લોઉ કેન્ટને ઊંચકીને બેડરૂમમાં લઈ ગયો.
'પપ્પા ! તમે વાર્તા કહેશોને ?'
'પપ્પા તને કાલે રાત્રે વાર્તા કહેશે.' પેગે રસોડામાંથી બૂમ પાડી કહ્યું.
'પપ્પા ! ગઈકાલે રાત્રે તમે કહ્યું હતું કે જો તું અત્યારે તરત ઊંઘી જઈશ તો હું તને કાલે વાર્તા કહીશ. અને હું તમે કહ્યું કે તરત જ ઊંઘી ગયો હતો. તમે મને વચન આપ્યું હતું. પપ્પા ! તમે મને પ્રોમીસ આપ્યું હતું.'
લોઉએ કેન્ટની સામે જોયું અને કહ્યું : 'વચન એટલે વચન અને કરાર એટલે કરાર. હંમેશા આ વાત યાદ રાખજે બેટા !' અને લોઉએ કેન્ટને વાર્તા કહેવી શરૂ કરી – પરીઓની વાર્તા જેવી. જેમાં એક છ વર્ષનો છોકરો જંગલના બધા જ પ્રાણીઓનો મિત્ર હોય છે. એ બધાંને એમના નામથી ઓળખતો હતો. અને એ એમની સાથે એમની ભાષામાં વાત કરી શકતો હતો. એ એ બધાંને સમજી શકતો હતો અને બધાં એને સમજી શકતાં હતાં. અને આ પ્રમાણે બનતું હતું એનું કારણ જાદુઈ શક્તિ હતી. પણ આ બધું ત્યાં સુધી જ બની શકે જ્યાં સુધી આપેલું વચન પાળે.

લોઉ આગળ વાર્તા કહે, જેમાં પેલો છોકરો વચન પાળતો નથી, એ ભાગ આવે તે પહેલાં જ દીકરો કેન્ટ ઊંઘી ગયો. એ થાકી ગયો હતો અને કદાચ આ વાર્તાની અસરને કારણે પણ લોઉને ઊંઘ આવવા માંડી અને એ પણ ઊંઘી ગયો. પેગે આવીને જગાડ્યો, 'ચાલો, જમવાનું તૈયાર થઈ ગયું છે. બહુ મોડું થઈ ગયું છે અને આજે બપોરે મને

જમવાનો સમય નથી મળ્યો એટલે બહુ ભૂખ લાગી છે.' વચન એટલે વચન – આ વિચાર લોઉના મનમાં જમતી વખતે પણ ઘોળાયા કરતો હતો. અને એ સ્વાભાવિક પણ હતું. અને પરીઓની વાર્તાના મૂળ ઘણીવાર મનમાં ઊંડે સુધી ઊતરી જતા હોય છે. જમ્યા પછી ખુરશીને સહેજ ખસેડી ટેબલથી સહેજ દૂર, બેસી તે બોલ્યો, 'તને ખબર છે ? કરાર એટલે કરાર અને વચન એટલે વચન.'

પેગે સ્મિત કર્યું. એ સમજી ગઈ હતી કે લોઉ પોતાની જોડે જ વાત કરી રહ્યો હતો. અને એ આગળ ચલાવશે એ પણ એને ખબર હતી. લોઉએ ચલાવ્યું પણ ખરું. 'સારા માણસો હંમેશા પોતાનું આપેલું વચન પાળતા હોય છે. ખરી વાત કે નહીં ? માણસ હંમેશા બીજાને આપેલું વચન પાળે જ.' પેગે ફરી સ્મિત વેર્યું પણ કંઈ બોલી નહીં. તે આગળ બોલ્યો : 'પણ એમણે પોતાની જાતને આપેલા વચનનું શું ? અને નવા વર્ષે પોતે પોતાને માટે લીધેલા નિર્ણયોનું શું ? જે ફક્ત થોડા મહિનાઓ પૂર્વે જ લીધા હતા ? જરા વિચાર ! જો માનવી પોતે પોતાના માટે લીધેલા નિર્ણયો પ્રમાણે કામ કરે તો જીવનમાં કેટલો બધો આગળ નીકળી જાય !!! જે રીતે એ બીજાને આપેલા વચન આનંદથી વ્યવસ્થિત રીતે પાળે છે એવી જ રીતે પોતે પોતાને આપેલા વચન પાળે તો ?! અને શું પોતે પોતાને આપેલું વચન મહત્વનું નથી ? આ બીજાને આપેલ વચન કરતાં વધારે મહત્વનું ના કહેવાય ? શું એણે પોતાને આપેલા વચન પ્રમાણે પોતાનું વર્તન ન રાખવું જોઈએ ?'

'મને એ વિચાર આવે છે કે સફળતાને વરેલા માનવીઓ અને સામાન્ય રગશિયા ગાડાની જેમ જીવતા માનવીઓમાં જે તફાવત છે તે આ જ છે. એ લોકોની નિષ્ફળતા એમણે પોતાને આપેલા વચન પ્રમાણે નહીં વર્તવાને કારણે જ આવતી હોય છે. આ આપણી પાસે રહેતી હેલને નવા વરસે નિર્ણય કર્યો હતો કે એને હાર્ટએટેક આવ્યા પછી કે ડૉક્ટરે જે કહ્યું છે અને જેટલું ખાવાનું કહ્યું છે એટલું જ ખાવાનું અને એણે એ નિયમ થોડા મહિના પાડ્યો. પછી ગમે તે ખાવા માંડ્યું અને ગમે એટલું ખાવા માંડ્યું. અને પછી મરી ગઈ.... અને આ જૉનું કુટુંબ દાનધર્માદા ઉપર જીવે છે. કારણ નવા વરસે જૉએ પોતે પોતાને વચન આપ્યું હતું કે એ હવે દારૂ નહીં પીએ. અને આજે એ ગટરમાં પડેલો, દારૂ પીધેલો મળે છે...... અને આ પેલો હોવાર્ડ સ્મિથ ! એને પ્રિન્સ્ટનની બહાર લાત મારીને કાઢી મૂક્યો ન હોત જો એણે પોતાની જાતને આપેલું વચન પાળ્યું હોત અને આપેલું ઘરકામ કર્યું હોત !'

પેગે ફરી સ્મિત કર્યું.

'અને પેગ ! મેં પણ વચન આપ્યું હતું. અને મને હમણાં જ ખ્યાલ આવ્યો કે મેં પણ આપેલું વચન નથી પાળ્યું. મેં મને વચન આપ્યું હતું અને આ બહુ અગત્યની વાત છે.'

પેગ હસતી અટકી ગઈ. એને થયું કે લોઉ ખરેખર અત્યારે બહુ સિરિયસ થઈ ગયો છે. ખૂબ જ સિરિયસ ! અને ખૂબ જ ધ્યાનથી એ સાંભળવા લાગી.

'પેગ ! ગયા નવા વરસે મેં મારી જાતને વચન આપ્યું હતું. મેં પ્રભુને વચન આપ્યું હતું કે દરેક નવા વરસે પ્રભુની મહેરબાની માટે હું એમનો આભાર માનીશ અને તારો અને કેન્ટનો પણ આભાર માનીશ. મેં તને સુખી કરવાનું વચન આપ્યું હતું. દરેક નાની નાની બાબતોમાં પણ, જેમાં હું કાળજી નહોતો રાખી શકતો.' લોઉએ હવે પેગની આંખ

સાથે આંખ મેળવી કહ્યું, 'પેગ ! તું મારા ઉપર વિશ્વાસ રાખી શકે છે. હું સમયસર રાત્રે જમવા ટાણે હાજર થઈ જઈશ. અને તું જાણે છે કે હું બીજાને આપેલું વચન હંમેશા પાળું છું. અને હવે પછી હું મને આપેલું વચન પણ ચોક્કસ જ પાળીશ. જો કંઈ ઈમરજન્સી આવી જશે તો હું તને ફોન તો જરૂર કરીશ. અને ઘણો વહેલો ફોન કરીશ. એટલે તારે મારે માટે ચિંતા નહીં કરવી પડે. અને મને એ પણ ખબર છે કે તું મારે માટે આટલી બધી ચિંતા કરે છે કારણ કે તું મને ખૂબ ચાહે છે.'

પેગે ફરી સ્મિત વેર્યું. પણ હવે એણે સાંભળવાનું બંધ કર્યું. એ એની પાસે આવી. એના હાથમાં હાથ લઈને એણે કહ્યું, 'લોઉ, મેં પણ નવા વરસે એક નિયમ લીધો છે કે તું ગમે તેટલો મોડો આવે તો પણ તારી જોડે ઝગડો ના કરવો. અને આજે મેં તારી જોડે ઝગડો નથી કર્યો. આ અઘરી વાત હતી છતાં આજે હું કરી શકી છું. અને મને લાગે છે કે આમ નિયમ પાળવાથી આપણે જે વચન આપણને આપ્યું હોય તે પાળવાથી આપણો આનંદ વધે જ છે. વિકાસ થાય છે.'

અને ત્યાર પછી આખી જિંદગી એ લોકો આનંદથી પસાર કરી ગયા. આ વાત વાંચ્યા પછી મને થયું કે આપણામાંથી કેટલા બધા માનવીઓ પોતાને આપેલું વચન નથી પાળતા ! એ જો પાળવા માંડે તો ! વાત એવી કંઈ અઘરી કે અશક્ય નથી. જો આપણે બીજાને આપેલું વચન પાળી શકતા હોઈએ તો આ તો આપણી પોતાની જોડેનો કરાર છે !!! અને એ આપણા વિકાસ માટે, આપણા આનંદ માટે જ છે. અને આપણે એને જ નથી પાળતા ! આ વાંચ્યા પછી આપણે બધા આપણને આપણે આપેલા વચન પ્રમાણે જીવવાનું નક્કી કરીએ તો !? અને આમ દર વરસે કંઈક ને કંઈક આપણે આપણને જ વચન આપીએ. નાનું તો નાનું, પણ એનાથી જીવનમાં મોટો ફેરફાર થઈ જાય એવું નથી લાગતું ? આપણે આપણી જાતને જ પ્રશ્ન પૂછવાનો છે.

mukesh mori
veraval
9227687134

BACK to

વડવાળા.કોમ
Vadwala.com

www.vadwala.com